**સ્વચ્છ ભારત મિશન (ગ્રા) અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ "ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન" માટે રાજ્યની ૫૦૦ ગ્રામ પંચાયતોને ખાસ સહાય કરવા બાબત.**

**ગુજરાત સરકાર**

**પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**ઠરાવ ક્રમાંક/એસબીએમ/૧૦૨૦૧૮/એસએફએસ-૧૪/ખ-૨**

**સચિવાલય, ગાંધીનગર**

**તા. ૦૩/૦૫/૨૦૧૮**

**વંચાણે લીધા:-**

**(૧) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૧૩/૦૯/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: એસબીએમ/૧૦/૨૦૧૭/એસએફએસ/ખ-૨**

**(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૧૬/૦૯/૨૦૧૭ ના સુધારા ઠરાવ ક્રમાંક: એસબીએમ/૧૦/૨૦૧૭/એસએફએસ/ખ-૨.**

**(૩) અધિક મુખ્ય સચિવશ્રી નાણાં વિભાગની તા.૧૭/૦૪/૨૦૧૮ ની ખર્ચ કરવાની મળેલ વહીવટી મંજૂરી**

**આમુખ :-**

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત રાજયમાં બેઝ લાઇન સર્વે ૨૦૧૨ મુજબ રાજયમાં શૌચાલય વિહોણા કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય બાંધકામની કામગીરી પૂર્ણ કરી તા: ૦૨/૧૦/૨૦૧૭ ના રોજ ગ્રામ્ય ગુજરાતને ખુલ્લામાં શૌચ ક્રિયા મુક્ત (ODF) ગુજરાત જાહેર કરેલ છે.

શૌચાલયના બાંધકામ સાથે ગ્રામ પંચાયતની ODF Sustainability એટલે કે ખુલ્લામાં થતી શૌચક્રિયામાંથી મુક્તિ અંગેનું સાતત્ય જળવાય રહે સાથે સાથે ગામમાં સર્વત્ર સ્વચ્છતા જળવાય,ગામ સ્વચ્છ અને સાફ-સુંદર રહે તે માટે ગ્રામીણ વિસ્તારોમાં સમગ્રતયા ચોખ્ખાઇ માટે સ્થાનિક સમુદાય થકી વિકેન્દ્રીકૃત રીતે ઓછી ખર્ચાળ પદ્ધતિઓના માધ્યમ દ્વારા ઘન અને પ્રવાહી કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તે અંગેની SLWM ની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે માટે વંચાણે લીધેલ ક્રમ-૧ થી ગુજરાત સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક/એસબીએમ/૧૦/૨૦૧૭ /એસએફએસ/ખ-૨ તા. ૧૩/૦૯/૨૦૧૭થી ગ્રામ પંચાયત કક્ષાએ ઘન કચરાનું વ્યવસ્થાપન અમલી બનાવવા અંગે જરૂરી સૂચનાઓ કરેલ. સદરહુ સૂચનાઓને ધ્યાને લઈ સ્વચ્છતા સાધનોની ખરીદીની સરળતા રહે તે માટે વંચાણે લીધેલ ક્રમ-૨ થી સુધારા ઠરાવ બહાર પાડવામાં આવેલ હતો.

રાજ્યમાં અમલી ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓ સાથે એકીકરણ (Convergence) સાધી ગ્રામ કક્ષાએ ઘન કચરાનું વ્યવસ્થાપન કરવા માટેનું Convergence મોડેલ અમલમાં મુકેલ છે જેમાં ગ્રામ પંચાયતોમાં ઘન કચરાના ડોર ટુ ડોર કલેક્શનની વ્યવસ્થા આવરી લીધેલ છે. ગ્રામ કક્ષાએ ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે વિકેન્દ્રિત રીતે સ્થાનિક કક્ષાએ એટલે કે ગ્રામ પંચાયત કક્ષાએ નિકાલનું આયોજન થાય તે માટે જુદા જુદા પ્રકારની ટેકનોલોજિ ઉપલબ્ધ થઈ રહી છે. હાલ ભારત સરકારશ્રી દ્વારા આ માટે કુટુંબોની સંખ્યાના પ્રમાણમાં નિશ્ચિત નાણાંકીય સહાય પણ SBM-G અંતર્ગત આપવામાં આવે છે. આ

ઉપરાંત મનરેગા જેવી અન્ય યોજના સાથે કનવર્જન્સ પણ કરવામાં આવનાર છે. પરંતુ ગુણવત્તાયુક્ત અસરકારક કાગીરી માટે ખાસ કરીને પ્રવાહી કચરાના વ્યવસાથાપન માટે વધારે નાણાંની આવશ્યક્તા છે. જો રાજ્ય સરકાર દ્વારા આ કામ માટે વધારાની રકમ પણ ફળવાય તો ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે ઓછી ખર્ચાળ, ઓછું મૂડી રોકાણ તમજ ઓછા જાળવણી ખર્ચ વાળી ટેકનોલોજીની સુવિધાઓ ગ્રામ પંચાયતોને આપી સ્વચ્છ ભારત અભિયાનમાં દેખી શકાય તેવું ગુણાત્મક પરીવર્તન લાવી શકાય તેમ છે.

**ઠરાવ:-**

રાજ્ય સરકારે કાળજી પૂર્વકની વિચારણાના અંતે ઉપરોક્ત આમુખમાં દર્શાવેલ કામગીરી માટે ઓછી ખર્ચાળ, ઓછું મૂડી રોકાણ તેમજ ઓછા જાળવણી ખર્ચ વાળી પ્રવાહી કચરાના વયવસ્થાપન માટેની ટેકનૉલોજી જેવી કે રીડ બેડ, બાયો ઇનોક્યુલન્ટ કીટ તેમજ થર્મો કેમિકલ પ્રક્રિયાથી ઘન કચરાને ડીકમ્પોઝ કરવાની સુવિધા વિગેરે માટે રાજ્યની ગ્રામીણ ગુજરાતની ૫૦૦ ગ્રામ પંચાયતો માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૮-૨૦૧૯ ના નાણાંકીય વર્ષમાં નવી બાબત તરીકે મંજૂર કરેલ છે. સદરહુ કામગીરીનું અમલીકરણ થવા નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતોઃ-**

(૧) સને ૨૦૧૮-૧૯ ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટની જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસિંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા. ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમાનુસાર કરવાની રહેશે.

(૭) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) વર્ષના અંતે જો કોઇ રકમ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૯) આ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૮ થી કરવાનો રહેશે.

(૧૦) ઘન કચરાના સંચાલન માટે પસંદ કરાયેલ ગ્રામ પંચાયતો પૈકી જે ગ્રામ પંચાયત ઘન કચરાના વ્યવસ્થાપન સુચારું પ્રગતિ કરે તે ગ્રામ પંચાયતને અગ્રતા આપી આ ગ્રામ પંચાયત પૈકીની ૫૦૦ ગ્રામ પંચાયતોને તેમને **SBM-G** હેઠળ ભારત સરકારશ્રીના ફંડ માંથી મળતી સહાય ઉપરાંત આ સહાય **SBM-G** હેઠળ રચવામાં આવેલ **SLSSC**-સ્ટેટ લેવલ સ્કીમ સેંકશન કમિટીની મંજૂરીથી

આપવાની રહેશે. આ અંગે કમિટી વિગતવાર માપદંડો તથા ફંડ ફાળવવાની શરતો નક્કી કરશે તે લાગુ રહેશે.

(૧૧) સદરહુ પ્રોજેક્ટના અમલીકરણ દરમિયાન કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની વખતોવખત મળતી સૂચનાનું પાલન કરવાનું રહેશે.

**ખર્ચનું સદર:-**

| ક્રમાંક | માંગણી ક્રમાંક | સદર | રેવન્યુ / કેપિટલ | રકમ ( રૂ. કરોડ) |
|---|---|---|---|---|
| ૧ | ૭૧ | **સામાન્ય**<br>**મુખ્ય સદર: ૨૨૧૫ – પાણી પુરવઠા અને સ્વચ્છતા**<br>**પેટા મુખ્ય સદર : –૦૨ ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા**<br>**ગૌણ સદર :** ૧૦૫ – સફાઈ સેવા<br>**પેટા સદર :** ૦૧ WSS –૩૩ – ગ્રામીણ સ્વચ્છતા ના કાર્યક્રમ | રેવન્યુ | ૧૮.૮૪ |
| ૨ | ૯૫ | એસ.સી.પી<br>**મુખ્ય સદર: ૨૨૧૫ – પાણી પુરવઠા અને સ્વચ્છતા**<br>**પેટા મુખ્ય સદર : –૦૨ ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા**<br>**ગૌણ સદર :** ૧૦૫ – સફાઈ સેવા<br>**પેટા સદર :** ૦૪ WSS –૩૩ – ગ્રામીણ સ્વચ્છતા ના કાર્યક્રમ | રેવન્યુ | ૧.૭૭ |
| ૩ | ૯૬ | ટી. એસ.સી.પી<br>**મુખ્ય સદર: ૨૫૦૧ – ગ્રામીણ વિકાસ માટે ના ખાસ કાર્યક્રમો**<br>**પેટા મુખ્ય સદર :** –૦૬ સ્વરોજગાર કાર્યક્રમો<br>**ગૌણ સદર :** ૭૯૬ – ટ્રાયબલ એરિયા સબ પ્લાન<br>**પેટા સદર :** ૦૩ WSS –૩૩ – ગ્રામીણ સ્વચ્છતા ના કાર્યક્રમ | રેવન્યુ | ૪.૩૯ |
| કુલ ( અંકે રૂપીયા પચ્ચીસ કરોડ પુરા ) | | | | ૨૫.૦૦ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૧૭/૦૪/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.જે.ખરાડી)
ઉપસચિવ
પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

નકલ રવાના :-

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર મુખ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
૨. માન. રા.ક.મંત્રીશ્રી (પચાયત)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
૩. તમામ માન. મંત્રીશ્રી/માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

૫. એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજકોટ / અમદાવાદ.
૬. અધિક મુખ્ય સચિવશ્રી,નાણાંવિભાગ,સચિવાલય, ગાંધીનગર
૭. અગ્ર સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. અધિક મુખ્ય સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૦. અગ્ર સચિવશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧. અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. અગ્ર સચિવશ્રી,નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૩. સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪. સચિવાલયના તમામ વિભાગો
૧૫. વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૬. અધિક કમિશ્નરશ્રીઓ,કમિશ્નર ગ્રામવિકાસની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૭. મુખ્ય કારોબારી અધિકારીશ્રી,પી.એમ.કે.એસ.વાય.,કમિશ્નર ગ્રા.વિ.ની કચેરી, ગાંધીનગર
૧૮. મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી., ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૧૯. સર્વે કલેક્ટરશ્રીઓ, જિલ્લા (તમામ), (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)
૨૦. ચેરમેન –વ– જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (તમામ) (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)
૨૧. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, (તમામ) (કમિશ્નર ગ્રામવિકાસની કચેરી મારફત)
૨૨. સિસ્ટમ મેનેજરશ્રી,પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ
૨૩. શાખા ફાઇલ / પસંદગી ફાઇલ.